GUJARAT THEMIS BIOSYN LIMITED

CIN: L24230GJ1981PLC004878

REGD. OFFICE &FACTORY: 69/C GIDC INDUSTRIAL ESTATE,
VAPI – 396 195, DIST. VALSAD, GUJARAT, INDIA
TEL: 0260-2430027 / 2400639
E-mail:hrm@gtbl.in.net

GTBL/BSE/NSE/2026-27/80 16th November, 2026

Corporate Relationship Department
BSE Limited
Phiroze Jeejeebhoy Towers
Dalal Street, Mumbai- 400001
Scrip Code – 506879.

National Stock Exchange of India Limited
Exchange Plaza,
Bandra Kurla Complex,
Bandra (East), Mumbai- 400051
Symbol: GUJTHEM

Dear Sir / Madam,

Sub: Newspaper Advertisement – Disclosure under Regulation 47 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015 ("Listing Regulations")

Pursuant to Regulation 47 and other applicable provisions of Listing Regulations, we submit herewith copies of Newspaper Advertisement of Un-audited Standalone & Consolidated Financial Results for the Quarter and half-year ended September 30, 2026, published on Sunday, 15th November, 2026 in the following newspapers:

1. Western Times (English Language);
2. Western Times (Gujarati Language);

The advertisement includes a Quick Response (QR) code and the weblink to access the complete Financial Results for the said period.

The aforesaid information is also being made available on the website of the Company at www.gtbl.in

This is for your information and record please.

Thanking you,

Yours faithfully,

For Gujarat Themis Biosyn Limited

VINEET GANESH GAWANKAR
Digitally signed by VINEET GANESH GAWANKAR
Date: 2026.11.16 15:53:16 +05'30'

Vineet Gawankar
Company Secretary and Compliance Officer

Encl: As above

IL Jin Electronics Files DRHP With Sebi For Aggregating Up To Rs. 2500 Crore IPO

Mumbai, IL JIN Electronics (India) Limited ("The Company"), is one of the leading, vertically integrated, technology-driven electronics design and manufacturing players in India in terms of revenue in Fiscal 2026 according to F&S Report.

IL Jin Electronics has filed its Draft Red Herring Prospectus ("DRHP") with market regulator Securities and Exchange Board of India ("SEBI").

The Company plans to raise funds through offer of equity share capital via initial public offering. The offer comprises of fresh issue of equity shares aggregating up to Rs. 250000 lakhs [Rs. 2500 crore] (The "Fresh Issue").

IL Jin Electronics operate across four business verticals: (i) electronics manufacturing services ("EMS"), comprising printed circuit board assembly ("PCBA") and box build solutions; (ii) bare PCB manufacturing; (iii) power electronics; and (iv) industrial automation.

The Company proposes to utilize the Net Proceeds towards Repayment/ prepayment, in full or in part, of certain outstanding borrowings and accrued interest thereon availed by Company and certain of its Subsidiaries, namely, Ascent Circuits Private Limited and Shogini Technoarts Private Limited estimated to be Rs. 1,63,600 Lakhs [Rs. 1,636 crore]; Purchase of certain plant, machinery and equipment for IL JIN Manufacturing Units estimated to be Rs. 1,9534.14 Lakhs [Rs. 1,953.41 crore] and balance amount towards General corporate purposes.

Company has 11 strategically located manufacturing facilities, of which 10 are in India and one in Israel. The facilities in India are located in Noida, Greater Noida in Uttar Pradesh; Pune in Maharashtra; Chennai and Hosur in Tamil Nadu; and Bengaluru in Karnataka. As of the date of Draft Red Herring Prospectus, six manufacturing facilities are currently under construction and are expected to support company's future capacity expansion.

Motilal Oswal Investment Advisors Limited, Axis Capital Limited and Jefferies India Private Limited are the Book Running Lead Managers (BRLMs) to the issue.

VP addresses Valedictory Session of Bharat Renewable Energy Summit & Expo 2026

New Delhi, India's remarkable progress in renewable energy demonstrates that environmental commitments are not a hindrance to economic growth but a catalyst for the country's development journey, said the Vice-President of India, Shri C. P. Radhakrishnan, while addressing the Valedictory Session of the Bharat Renewable Energy Summit & Expo 2026 here today.

The Vice-President highlighted India's achievements in the renewable energy sector, its commitment to sustainable development and the transformative role of clean energy in empowering households, farmers and communities across the country.

The Vice-President said that the progress achieved over the last decade vindicates Prime Minister Shri Narendra Modi's vision that environmental commitments are catalysts for growth, delivering greater energy access, lower industrial costs, employment opportunities and reduced import dependence. Calling for stronger industry-academia collaboration, he said, "The technologies of 2040 will come from the laboratories and start-ups of today," emphasising the importance of research, innovation and entrepreneurship.

Union Minister for New and Renewable Energy, Education and Consumer Affairs, Food and Public Distribution, Shri Pralhad Joshi, said that India's Renewable Energy sector has attracted more than ?15 lakh crore in investment over the past decade, while addressing the ceremony. He said that nearly ?6 lakh crore had flowed into the sector in just the last two years.

Shri Joshi stated that BRE Summit & Expo 2026 is the largest renewable energy event hosted in India, with over 75,000 visitors from 135 countries, participation from more than 32 international Ministers, over eight partner countries and the European Union. The Summit also brought together 14 States and Union Territories as partners, six Chief Ministers, 10 State Energy Ministers, over 400 exhibitors, more than 620 speakers and 113 sessions. It also featured the 9th International Solar Alliance Assembly and the 4th International Conference on Green Hydrogen.

Business Brief

Crompton's New Super Premium Fans Bring Design and Smart Comfort Together

Mumbai, As consumers invest in upgrading their homes, choosing appliances that complement their interiors while delivering everyday comfort remains an important consideration. Recognising this, Crompton Greaves Consumer Electricals Ltd., the World's No. 1 Ceiling Fan Brand, has introduced its new range of Super Premium Fans – SilentPro Fluido Glide, Luxian Jupiter Senze and Luxian Statement Senze. Combining distinctive designs with smart technology and personalised comfort, the new range brings together aesthetics and functionality for contemporary homes.

Speaking about the launch, Mr. Sachin Phartiyal, Business Unit Head – Home Electricals, Crompton Greaves Consumer Electricals Ltd., said, "When we think about decorating a room, we often focus on the walls, furniture and lighting—but the ceiling is the fifth wall, and what we choose for it can shape the feel of the entire space. A ceiling fan doesn't have to be just a functional appliance; it can be a design feature that brings character to a room while delivering the comfort we rely on every day. With our new range of Super Premium Fans, consumers can choose from distinctive styles—from an elegant fluidic design to a decorative detailing and a bold, statement-making design—and enjoy the practical benefits of ActivBLDC technology, 20+ speed options and smart controls. We've brought design and everyday functionality together so consumers can make their homes feel more personal, without compromising on comfort."

Angel One becomes India's second-largest stockbroker with 69.98 lakh active clients

Mumbai, Angel One Limited has emerged as India's second-largest stockbroker by active clients, according to the NSE's latest Report 1C. The company had 69.98 lakh active clients as of October 2026, accounting for 14.97% of the exchange's total active client base of 4.67 crore.

Angel One added 2.43 lakh net active clients on the NSE during October, reflecting continued growth in retail investor participation and adoption of technology-led investment platforms.

The company's overall client base grew 17.4% year-on-year to 4.06 crore in October 2026, crossing the 4-crore milestone during the month. It also recorded gross client additions of 6.6 lakh, its highest in nine months.

This milestone reinforces Angel One's expanding footprint in India's capital markets as the company continues to broaden its product suite to serve the complete financial needs of investors. From equities, mutual funds, and corporate bonds to wealth management and US stock investing, Angel One is building a comprehensive, technology-driven financial services platform.

The company has also emerged as the second-largest contributor to incremental SIP registrations, underscoring the growing trust retail investors place in the platform. With its diversified offerings and commitment to democratising access to investing, Angel One is well-positioned to be the one-stop destination for every investor's financial journey.

Yes Bank denies report on $3.4 million cyber fraud loss

New Delhi, Nov 14 (IANS) Yes Bank has denied a report that it suffered a cyber fraud loss of nearly $3.4 million involving government accounts, and clarified that its systems are intact with no financial losses. The statement from the bank refuted the report by The Banker, a publication of the Financial Times Group, titled 'India on high alert after alleged $3.4mn cyber loss at Yes Bank', alleging that the incident had occurred at the end of October 2026, according to multiple reports.

Calling the claims factually incorrect, the bank aid the report did not reflect the actual position and that the matter was taken to the media organisation, describing the factual inaccuracies and with demand for a retraction.The lender said the publication of incorrect information was detrimental to its reputation and could create unwarranted concerns among stakeholders, as per reports."YES BANK remains committed to upholding the highest standards of banking security, operational integrity and customer trust," the bank said.

Earlier this month, Yes Bank rejected allegations of wilful disobedience levelled by Axis Trustee Services over the delay in reinstating Additional Tier-1 (AT-1) bonds worth Rs 8,415 crore, following the Supreme Court's order setting aside their write-off.

Whisper maker P&G Hygiene profit declines 6.7 pc to Rs 196 crore in Q2

Mumbai, Nov 13 (IANS) Procter & Gamble Hygiene and Health Care Limited (PGHH) on Thursday reported a 6.7 per cent year-on-year (YoY) decline in net profit for the quarter ended September FY27, as higher raw material and energy costs, along with adverse currency movements, weighed on its profitability despite efforts to improve operational efficiencies. The FMCG company posted a profit after tax (PAT) of Rs 195.84 crore during the quarter, down from Rs 209.86 crore in the corresponding period last financial year (Q2 FY26), according to a regulatory filing.

Revenue from operations remained largely flat, slipping marginally to Rs 1,145 crore in the September quarter from Rs 1,150.17 crore a year earlier.PGHH said its profitability was impacted by commodity cost fluctuations, which led to a double-digit adverse effect on earnings during the quarter. The company cited higher raw material and energy expenses as well as unfavourable foreign exchange rates as key headwinds. However, it noted that a substantial portion of the impact was mitigated through a strong productivity programme.The company also stepped up investments in innovation and advertising and promotional activities compared with the previous quarter as part of its strategy to strengthen long-term competitiveness and drive future growth.

Govt receives 22 bids for 10 GWh Advanced Chemistry Cell manufacturing capacity

New Delhi, (IANS) The Ministry of Heavy Industries (MHI) on Thursday informed it received 22 bids for 10 GWh capacity offered under the Global Tender floated on the Central Public Procurement (CPP) Portal for selection of beneficiaries to establish giga-scale Advanced Chemistry Cell (ACC) manufacturing facilities in India. "The 10 GWh capacity is earmarked for Grid-Scale Stationary Storage (GSSS) applications and forms part of the overall targeted 50 GWh ACC manufacturing capacity under the National Programme on Advanced Chemistry Cell (ACC) Battery Storage," according to an official statement.

Astrotalk iOS app unavailable on Apple App Store, company working to restore it

New Delhi, Nov 14 (IANS) Astrology and spiritual wellness platform Astrotalk's iOS application is currently unavailable for download on Apple's App Store, with the company saying it is working to restore access, without disclosing the reason for the app's absence. "Astrotalk is currently unavailable for download on the Apple App Store. We're working to restore its availability," a notice on the platform's website said.

The company advised iPhone users to monitor the App Store for updates and warned against downloading unofficial iOS application files or using unverified third-party links to access the service. Services are accessible through its official website, with users continuing to have access to astrology consultations via call and chat.

Though neither Astrotalk nor Apple publicly revealed why the application is unavailable, app-tracking platform StoreTally, showed the iOS application, listed as Astrotalk – Talk to Astrologer, as delisted on November 4, 2026. StoreTally records show the app was last updated on October 29, 2026.It remains unclear whether the app was withdrawn by the developer or removed following action by Apple or due to some other reasons.

Astrotalk operates an online astrology consultation platform that offers horoscope readings, kundli matching, tarot consultations and direct interactions with astrologers through paid call and chat services.Astrotalk has reported an over tenfold jump in net profit for FY26, driven by strong growth in its core consultation business, rapid international expansion, and the scaling up of its e-commerce operations. Revenue from consultations rose 45 per cent to Rs 1,657 crore in FY26 from Rs 1,139 crore a year earlier, accounting for about 91 per cent of the company's operating revenue.

IAEA recommends safety improvements at S. Korean nuclear reactor in Busan

Washington, Nov 14 (IANS) The International Atomic Energy Agency (IAEA) has recommended improvements in operational safety at a South Korean nuclear reactor in Busan, including those related to industrial safety, operational procedures and radiation contamination control, according to the UN nuclear watchdog. The recommendations were made following an operational safety review of Shin-Kori No. 2 in Busan, some 330 kilometers southeast of Seoul, during an IAEA Operational Safety Review Team (OSART) mission conducted from Oct. 26 to Thursday at the request of the South Korean government, according to an IAEA press release.

The team recommended that the plant consider strengthening its industrial safety arrangements, improving the conduct and control of operational activities and reinforcing practices to minimise the risk of radioactive contamination spreading, reports Yonhap news agency.

In particular, the IAEA stressed the importance of ensuring the accurate transfer and use of operational information to maintain effective operations.

Despite the recommendations, the agency said the plant's personnel demonstrated professionalism and a strong commitment to continuously improving operational safety and reliability.

The team also identified several good practices, including a virtual training system allowing field and control room operators to practice together, an improved radioactive waste processing method and an integrated disaster monitoring system providing real-time warnings about external hazards.

"Returning to the Kori site more than four decades later demonstrates the Republic of Korea's long-standing engagement with international peer review and its commitment to the continuous improvement of operational safety," said Juraj Rovny, OSART leader and head of the IAEA's operational safety section.

Song Chang-Soo, director general of Kori Nuclear Power Plant, said the findings of the mission would help the plant further strengthen its safety culture and continuously improve operational safety and reliability. "We remain firmly committed to making nuclear safety our highest priority."

Shin-Kori No. 2, a 1,000-megawatt pressurized water reactor that began commercial operations in 2012, is operated by Korea Hydro & Nuclear Power.The IAEA said the plant's management had received a draft report and would have an opportunity to provide factual comments before the agency submits its final report to South Korea within three months.

Karnataka ED attaches Rs 1.22 crore properties linked to KPSC recruitment scam

Bengaluru, Nov 14 (IANS) The Enforcement Directorate (ED) attached movable and immovable properties worth Rs 1.22 crore belonging to three top former officials of the Karnataka Public Service Commission (KPSC) in a case related to irregularities in the recruitment exam for the post of veterinary officer, an official said on Saturday. The ED's Bengaluru Zonal Office attached the properties under the provisions of the Prevention of Money Laundering Act (PMLA), 2002, in the case of KPSC recruitment scam. The Provisional Attachment Order (PAO) dated November 13 was issued under Section 5(1) of the PMLA, 2002. "The provisionally attached assets comprise immovable properties and movable properties belonging to Shivashankarappa Sahukar, the then Chairman of Karnataka Public Service Commission (KPSC); Geetha B.V. Shivamurthy, KPSC member; and Gyanendra Kumar Gangwar, IAS officer and the then Controller of Examinations (CoE) of KPSC," the ED said.

Priority now is to translate strong momentum into sustained export growth: Industry

New Delhi, Nov 14 (IANS) Expansion across 43 of India's top 50 markets reflects the resilience of Indian exporters and their ability to seize opportunities despite global trade uncertainties, according to industry leaders, who emphasise that the priority now is to translate this strong momentum into sustained export growth. Cumulative merchandise and services exports during April–October 2026–27 reached an estimated $568.84 billion, registering 16.66 per cent growth over $487.59 billion in the corresponding period of the previous financial year.

India's merchandise exports surged 45.06 per cent to $49.47 billion in October, with shipments expanding across 43 of the country's top 50 export destinations, underscoring strong momentum and widespread market gains. "The gains across established and emerging markets underline the importance of market diversification. Exporters must build on these opportunities through stronger buyer relationships, competitive products and greater utilisation of preferential access under India's Free Trade Agreements (FTAs)," said SC Ralhan, President, Federation of Indian Export Organisations (FIEO).Maintaining this trajectory will require consistent competitiveness across manufacturing and services, the FIEO President observed.FIEO noted that the combined merchandise and services trade deficit narrowed to $20.09 billion in October, from $25.15 billion a year earlier.

CHANGE OF NAME

I have changed my old name from **POOJA PRADIP DESAI** to new name **POOJA PRADIPKUMAR DESAI**
Add. C-303, Samruddhi Sky, Opp. Hanspura Residency Hanspura, Naroda, Ahmedabad-382330
3164A

CHANGE OF NAME

I have changed my minor son old name from **VIHAAN PRADIP DESAI** to new name **VIHAAN PRADIPKUMAR DESAI**
Add. C-303, Samruddhi Sky, Opp. Hanspura Residency Hanspura, Naroda, Ahmedabad-382330
3164

CHANGE OF NAME

I have changed my old name from **SHAIKH SHAMIMBANO ZAINULAMIN** to new name **SHAIKH SAMIMBANU ZAINULAMIN**
Add. 19/3, Royal Park Society, Juhapura Ahmedabad-380055
3165

CHANGE OF NAME

I have changed my old name from **PRAJAPATI CHANDRAKUMARI BABULAL** to new name **CHANDABEN BABULAL PRAJAPATI**
Add. 1 Satyanarayan Society Part 3 Vejalpur Road Ahmedabad
3162

CHANGE OF NAME

I have changed my old name from **MANSURI PINJARA SHAHIDABANU ABDULHAMID** to new name **SHAHEDABANU MOHAMMED SHAFI MANSURI**
Add. 2, Anas Park Part-2, Opp G K Row House, Fatehvadi, Ahmedabad-380055
3163

CHANGE OF NAME

I have changed my old name from **PRADIP KRISHNABHAI DESAI** to new name **PRADIPKUMAR KRISHNABHAI DESAI**
Add. C-303, Samruddhi Sky, Opp. Hanspura Residency Hanspura, Naroda, Ahmedabad-382330
3164B

PUBLIC NOTICE

Take notice that Ground Floor **Flat No.G/2** having 158.85 Sq.mtrs. built up Area of Sankul Apartment of Sankul Owners' Association located on Sub Plot No.53 of Final Plot No. 634 T P Scheme No.3/6 Mouje Kocharab of Ahmedabad is owned by Kamlesh J Patel by executing **Sale Deed No. 1514 dt. 05/03/2014**. Original/Xerox copy of Power of Attorney used under Sale Deed No.7510/2005 executed by Ashokumar Damani and Kamlaben Damani in favour of Daxaben Damani and the purchaser Naznin Mistry in favour of Naushir Mistry are not found after serious efforts. if any person having any objection regarding this transaction thereon are free to write us on the following address with supporting documents within 7 days of publication of this public notice otherwise , title clear report would be issued by me and No claim or objection would be entertained after said period.

Shriraj M Pathak
Mo. : 9825015312
Priyansh S Pathak
Mo. : 9898121515
Add. : 201,Suruchi Apartment, Nehru Park,Vastrapur, Ahmedabad -380015
Date:14/11/2026
Place : Ahmedabad.

Faculty Requirement

Shree Samanvay Trust Managed

Shree Samanvay Education Campus

Opp. Maruti Ashram, Tajpar Road, At & Post - Bhambhan, Ta.&Dist.-Botad–364710, Mo.:99249 03231,90990 63362,90990 63156
Email : presidentsamanvay@gmail.com

Applications are invited from the interested candidates for the following positions

Shree Samanvay Institute of Pharmaceutical Education and Research

Sr. No.	Branch	Name of Post	Number of Vacancies
01	B.Pharmacy	**Professor** (P'ceutics-1, Pharm. Chem./Pharm. Analysis-1, P'cology-1, P'cognosy-1)	04
		Associate Professor (P'ceutics-1, Pharm. Chem./Pharm. Analysis-1, P'cology-1, P'cognosy-1)	04
		Assistant Professor (P'ceutics-1, Pharm. Chem./Pharm. Analysis-1, P'cology-1, P'cognosy-1, Pharm.Prac.-1)	05

Shree Samanvay Institute of Management and Business Administration

Sr. No.	Branch	Name of Post	Number of Vacancies
01	M.B.A.	Assistant Professor (Finance)	01
		Associate Professor	01

Shree Samanvay Institute of Business Administration

Sr. No.	Branch	Name of Post	Number of Vacancies
01	B.B.A.	Principal	01
		Assistant Professor	03

Shree Samanvay Nursing College

Sr. No.	Branch	Name of Post	Number of Vacancies
01	G.N.M. Nursing	Tutor	05

- Qualification, Experience and pay scales will be as per the norms of PCI/AICTE/GTU/MKBU/UGC/GNC/INC, Gov. Of. Guj. Norms.
- Marketing-1 , H.R-1 , Finance-1 (MBA 60% along with NET/SLET and Ph.D Candidate will be given Preference in BBA Department.
- No. of post may vary at the time of interview to meet student/faculty cadre ration.
- Qualification for the post of
  - Lab Technician / Assistant :-D. Pharm. / B. Pharm. / B.Sc. / M.Sc.
  - Peon :SSC / HSC Pass
- Interested candidate are requested to apply within 15 days with all necessary documents at above institute address or by email resume along with scan copy of necessary documents.

Date:-15/11/2026
President/Secretary
Samanvay Trust, Botad

Shah Investor's Home Limited
Reg. Address: 810, X-Change Plaza, DSCCSL (53E), Road 5E, Block 53, Zone 5, Gift City, Gandhinagar 382050
Tel: +91-79-65081699, **Email:** company.secretary@sihl.in, Website: www.sihl.in CIN: U67120GJ1994PLC023257

STATEMENT FOR UNAUDITED STANDALONE & CONSOLIDATED FINANCIAL RESULTS FOR THE QUARTER ENDED SEPTEMBER 30, 2026.

The Board of Directors of the Company at their meeting held on November 14, 2026, approved the Unaudited Standalone & Consolidated Financial Results of the Company, for the quarter and half year ended September 30, 2026.
The results, along with the Limited Review Report, have been posted on the Company's website at www.sihl.in, and can be accessed by scanning the QR code.

For more Information, Please scan:

Date : November 14, 2026
Place : Ahmedabad

By Order of the Board
for SHAH INVESTOR'S HOME LIMITED
TANMAY UPENDRA SHAH
Managing Director & Chief Financial Officer
(DIN:00023067)

GUJARAT THEMIS BIOSYN LIMITED
CIN: L24230GJ1981PLC004878
69/C, GIDC Industrial Estate, Vapi - 396 195, Dist. Valsad, Gujarat,
Tel: +91 260 2430027 Fax: +91 260 2400639,E-mail: gtblmumbai@gtbl.in Website: www.gtbl.in

UN-AUDITED STANDALONE & CONSOLIDATED FINANCIAL RESULTS FOR THE QUARTER AND HALF YEAR ENDED ON 30TH SEPTEMBER, 2026

In compliance with Regulation 33 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015 ("SEBI Listing Regulations"), the Board of Directors of the Gujarat Themis Biosyn Limited ("Company") at its meeting held on Saturday, 14th November, 2026 approved the Un-Audited Standalone and Consolidated Financial Results for the quarter and half year ended on 30th September, 2026 ("Results")

The Results, alongwith the Limited Review Reports submitted by M/s. GMJ & Co., Statutory Auditors of the Company are available on the website of the Company at www.gtbl.in and on websites of the Stock Exchanges i.e. BSE Limited and National Stock Exchange of India Limited at www.bseindia.com and www.nseindia.com respectively.

In compliance with Regulation 47 of the SEBI Listing Regulations, we hereby notify that the same can also be accessed by scanning the following Quick Response (QR) Code.

Place: Mumbai
Date: 14th November, 2026

For Gujarat Themis Biosyn Ltd
Sd/-
Dr. Dinesh S. Patel
Chairman
DIN:00033273

ગાંધીનગરમાં'GNCC Cup – 2026'નો ભવ્ય શુભારંભ

ગાંધીનગર,
નાગર સમાજમાં એકતા, સંગઠન, ભાઈચારો અને રમતગમતની ભાવનાને પ્રોત્સાહન આપવાના ઉમદા હેતુ સાથે સમગ્ર ગુજરાત નાગર પરિષદ (મહામંડળ) – રાજ્યકક્ષા તથા ગાંધીનગર નાગર સ્પોર્ટ્સ ક્લબના સંયુક્ત ઉપક્રમે આયોજિત બે દિવસીય 'ઓલ ગુજરાત નાગર સિઝન બોલ ક્રિકેટ ટુર્નામેન્ટ – GNCC Cup 2026'નો આજે શનિવારે તા. ૧૪ નવેમ્બર, ૨૦૨૬ના રોજ સવારે ૮:૦૦ કલાકે પાયોનિયર ક્રિકેટ એકેડેમી, કરાઈ (ગાંધીનગર) ખાતે ભવ્ય અને ઉત્સાહભેર શુભારંભ થયો હતો.



ઉદ્ઘાટન સમારોહમાં મુખ્ય અતિથિ તરીકે જાણીતા ક્રિકેટર તથા ગુજરાત સરકારની ક્રિકેટ ટુર્નામેન્ટના સિલેક્ટર શ્રી યશેષ વૈષ્ણવ અને ઈડૈંના એડવાઈઝર તથા અનુભવી ક્રિકેટર શ્રી નિખિલેશ દેસાઈ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે શ્રી સુભાષ ભટ્ટ દ્વારા શ્રી નિખિલેશ દેસાઈનું તથા શ્રી વત્સલ વોરા દ્વારા શ્રી યશેષ વૈષ્ણવનું 'જય હાટકેશ'ના ખેસ અને સ્મૃતિચિહ્ન અર્પણ કરીને ભાવભીનું સન્માન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ ઉપસ્થિત મહાનુભાવોએ ટુર્નામેન્ટના શુભારંભની જાહેરાત કરી પ્રથમ મેચનો ટોસ ઉછાળીને ખેલાડીઓનો ઉત્સાહ વધાર્યો હતો.

સમગ્ર ઉદ્ઘાટન સમારોહનું સુંદર, પ્રભાવશાળી અને

રાજ્યભરની ૭ ટીમો વચ્ચે ક્રિકેટનો રોમાંચક જંગ; જાણીતા ક્રિકેટર યશેષ વૈષ્ણવ અને નિખિલેશ દેસાઈની વિશેષ ઉપસ્થિતિથી ઉદ્ઘાટન સમારોહ બન્યો યાદગાર

ઉત્સાહવર્ધક સંચાલન શ્રી જીગર રાણા દ્વારા કરવામાં આવ્યું હતું.

સમારોહમાં શ્રી ગિરીશ વસાવડા, શ્રી પરેશ દેસાઈ, શ્રી નિશીથ ધોળકિયા, શ્રી તરંગભાઈ હાથી, શ્રી નીરવ અંજારિયા, શ્રી વત્સલ વોરા, શ્રી ઉલ્લાસ વોરા, શ્રી તેજસ રાણા તેમજ અમદાવાદથી ખાસ ઉપસ્થિત રહેલા શ્રી કશ્યપભાઈ વછરાજાની સહિત સમાજના અનેક આગેવાનો અને મહાનુભાવો ઉપસ્થિત રહી ખેલાડીઓનો ઉત્સાહ વધાર્યો હતો.

આ બે દિવસીય ટુર્નામેન્ટમાં ગુજરાતના વિવિધ શહેરો અને વિસ્તારોની કુલ સાત ટીમો ભાગ લઈ રહી છે. જેમાં અમદાવાદ, ગાંધીનગર, જામનગર, ખાડિયા-૧૧, જૂનાગઢ, મહેસાણા અને વડોદરાની ટીમોનો સમાવેશ થાય છે.

સમાજના જે બંધુઓ સ્થળ પર ઉપસ્થિત રહી શકતા નથી તેઓ પણ આ ક્રિકેટ મહોત્સવનો આનંદ માણી શકે તેવા ઉમદા આશયથી ટુર્નામેન્ટની તમામ મેચોનું લાઈવ પ્રસારણ કરવામાં આવી રહ્યું છે.

આ ટુર્નામેન્ટનો ભવ્ય સમાપન સમારોહ તથા ગ્રાન્ડ ફાઈનલ આવતીકાલે રવિવાર, તા. ૧૫ નવેમ્બર, ૨૦૨૬ના રોજ બપોરે ૨:૪૫ કલાકે યોજાનાર છે.

આયોજક સંસ્થાઓ દ્વારા સમગ્ર નાગર સમાજના રમતગમતપ્રેમીઓ, યુવાનો અને સમાજના અગ્રણીઓને મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી ખેલાડીઓને પ્રોત્સાહિત કરવા તથા આ રમતોત્સવને સફળ બનાવવા હાર્દિક અપીલ કરવામાં આવી છે.

કર્ણાટકમાં બોટ પલટી જતાં સુરતના દંપતીનું મોત

(એજન્સી) સુરત,
રજાઓ ગાળવા કર્ણાટક ફરવા ગયેલા સુરતના એક પરિવારની ખુશીઓ ગણતરીની ક્ષણોમાં માતમમાં ફેરવાઈ ગઈ છે. કર્ણાટકના કોડાગુ જિલ્લાના હરંગી બેકવોટર્સમાં બોટિંગ દરમિયાન બોટ પલટી જતાં સુરતના દંપતીનું ડૂબી જવાથી કરુણ મોત નીપજ્યું હતું. આ દુર્ઘટનામાં દંપતીનાં ૨૧ વર્ષીય પુત્ર અને ૨૪ વર્ષીય પુત્રીનો આબાદ બચાવ થયો છે. પ્રવાસની યાદોને સંઘરીને પરત ફરવાના બદલે પરિવાર પર દુઃખનો પહાડ તૂટી પડ્યો છે.

લાઇફ જેકેટ પહેર્યાં હોવા છતાં ન બચી શક્યા

મળતી માહિતી મુજબ, સુરતનો પરિવાર રજાઓ ગાળવા કર્ણાટકના પ્રવાસે ગયો હતો. શુક્રવારે સાંજે પરિવાર હરંગી બેકવોટર્સ ખાતે ખાનગી કંપની દ્વારા સંચાલિત વોટર એડવેન્ચર એક્ટિવિટીનો આનંદ માણવા પહોંચ્યો હતો. આ દરમિયાન બોટમાં પરિવારના ચારેય સભ્યો સવાર હતા. જોકે, અચાનક બોટ પલટી મારી જતાં ચારેય લોકો પાણીમાં પટકાયાં હતાં. ઘટનાને પગલે સ્થળ પર અફરાતફરી મચી ગઈ હતી.

આ દુર્ઘટનામાં જીવ ગુમાવનાર દંપતીની ઓળખ સુરતના રહેવાસી ૫૦ વર્ષીય ધર્મેશ અને ૪૮ વર્ષીય નમ્મી તરીકે થઈ છે. બોટ પલટી જતાં બંને પાણીમાં ડૂબી ગયાં હતાં. પ્રાથમિક માહિતી અનુસાર, બોટ પલટી જતાં બંને તેની નીચે ફસાઈ ગયાં હોવાની શક્યતા છે. જેના કારણે તેઓ સમયસર પાણીમાંથી બહાર આવી શક્યાં નહોતાં. બોટમાં દંપતીની સાથે તેમનો ૨૧ વર્ષીય પુત્ર અને ૨૪ વર્ષીય પુત્રી પણ સવાર હતાં. દુર્ઘટના બાદ બંને પાણીમાં પટકાયાં હતાં, પરંતુ બચાવ કામગીરી દરમિયાન તેમને સુરક્ષિત બહાર કાઢવામાં આવ્યાં હતાં. માતા-પિતાને ગુમાવનાર બંને સંતાનોનો જીવ બચી જતાં એક તરફ રાહત છે, તો બીજી તરફ પરિવાર પર આભ તૂટી પડ્યું છે.

પોલીસના જણાવ્યા અનુસાર, બોટમાં સવાર ચારેય લોકોએ લાઈફ જેકેટ પહેર્યાં હતાં. તેમ છતાં દંપતીનો જીવ બચાવી શકાયો નહોતો. પ્રાથમિક તપાસમાં બોટ પલટી જતાં ધર્મેશ અને નમ્મી તેની નીચે ફસાઈ ગયાં હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. જોકે, દુર્ઘટનાનું ચોક્કસ કારણ તપાસ બાદ જ સ્પષ્ટ થશે. ઘટનાની જાણ થતાં જ સ્થાનિક પોલીસ દ્વારા તપાસ શરૂ કરવામાં આવી હતી. કુશલનગર ગ્રામીણ પોલીસ સ્ટેશનમાં બોટના ચાલક વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ ૧૦૬ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે.

U19 એશિયા કપમાં પાકિસ્તાનને હરાવી ભારત ચેમ્પિયન બન્યું

નવી દિલ્હી,
એસીસી મેન્સ અંડર-૧૯ એશિયા કપ ૨૦૨૬ની ફાઈનલમાં આજે (૧૪ નવેમ્બર) ભારત અને પાકિસ્તાન વચ્ચે ટક્કર થઈ. બંને ટીમો વચ્ચેનો આ મુકાબલો અલ અમેરાતના અલ અમેરાત ક્રિકેટ ગ્રાઉન્ડ (મિનિસ્ટ્રી ટર્ફ ૨) ખાતે રમાયો. આ મુકાબલામાં પાકિસ્તાનની ટીમે ભારતીય ટીમને જીતવા માટે ૩૩૮ રનનો ટાર્ગેટ આપ્યો હતો. રોમાંચક મેચમાં ભારતની એક વિકેટે જીત થઈ છે. ગુજરાતી મોહિત ઉલ્વાએ પાકિસ્તાનના હાથમાં આવેલી બાજી છીનવી હતી



રનચેઝમાં ભારતીય ટીમની શરૂઆત શાનદાર રહી છે. વીરેન્દ્ર સેહવાગના પુત્ર આર્યવીર અને કેપ્ટન લક્ષ્ય રાયચંદાની વચ્ચે પ્રથમ વિકેટ માટે ૯૫ રનની ભાગીદારી થઈ. આર્યવીર સેહવાગને ઈનિંગ્સની પાંચમી ઓવરમાં અલી રઝાના બોલ પર ઈજા થઈ, પરંતુ તેણે હિંમત ન હારી. બોલ સેહવાગની જમણી કોણી પાસે વાગ્યો હતો. આર્યવીર સેહવાગે શાનદાર બેટિંગ કરતા ૫૧ બોલમાં પોતાની ફિફ્ટી પૂરી કરી. વર્તમાન ટૂર્નામેન્ટમાં તેનો આ ચોથો ફિફ્ટી પ્લસ સ્કોર રહ્યો. આર્યવીર મોટા સ્કોર તરફ આગળ વધી રહ્યો હતો, પરંતુ નિકાબ શફીકના બોલ પર હવાઈ શોટ રમવાના પ્રયાસમાં પોતાની વિકેટ ગુમાવી બેઠો. આર્યવીરે ૬૧ બોલમાં ૫૮ રન બનાવ્યા, જેમાં ૯ ચોગ્ગા સામેલ રહ્યા. આર્યવીરના આઉટ થયા બાદ લક્ષ્ય રાયચંદાનીએ વીકે વિનીત સાથે ઈનિંગ્સ સંભાળી. બંને વચ્ચે બીજી વિકેટ માટે ૫૧ રનની ભાગીદારી થઈ. વિનીત ૨૪ રનના વ્યક્તિગત સ્કોર પર રિઝવાનુલ્લાહનો શિકાર બન્યો.

પાકિસ્તાનને ત્રીજી વિકેટ અર્જુન રાજપૂતના રૂપમાં મળી, જે ૧૮ બોલમાં ૧૬ રન બનાવીને રિઝવાનુલ્લાહના બોલ પર કેચ આઉટ થયો. તો ચોથી વિકેટ યશવર્ધન ચૌહાણની રહી, જે ૫ બોલમાં ૯ રન બનાવીને હસનૈન અબ્બાસ ડારના બોલ પર ઉસ્માન ખાનને કેચ આપી બેઠો. ભારતને પાંચમો ઝટકો કેપ્ટન લક્ષ્ય રાયચંદાનીના રૂપમાં લાગ્યો, જેને અલી રઝાએ હસનૈન અબ્બાસ ડારના હાથે કેચ આઉટ કરાવ્યો. લક્ષ્ય ૧૦૧ બોલમાં ૮૦ રન બનાવીને પેવેલિયન પરત ફર્યો. તેના બરાબર પછીના જ બોલ પર અન્વય દ્રવિડ ૧૨ બોલમાં ૧૯ રન બનાવીને રન આઉટ થઈ ગયો. અન્વયના આઉટ થતા જ ટીમ ઈન્ડિયાનો સ્કોર ૨૧૭/૬ થઈ ગયો. સાતમી વિકેટ આર્યન સાવસાની (૧૪) ની રહી, જેને રિઝવાનુલ્લાહે આઉટ કર્યો. તો આઠમી વિકેટ કાવ્ય પટેલની રહી, જે મોહમ્મદ સય્યામના બોલ પર આઉટ થયો.

ગોધરામાં તસ્કરો બેફામ! વાહન ચોરી અને ઘરફોડ ચોરીના બનાવોથી નાગરિકોમાં ફફડાટ

(પ્રતિનિધિ) ગોધરા,
ગોધરા શહેર અને પંથકમાં તસ્કરોનો આતંક દિવસેને દિવસે વધી રહ્યો હોય તેમ એક પછી એક ચોરીના બનાવો સામે આવી રહ્યા છે. વાહન ચોરીથી લઈને ઘરફોડ ચોરી સુધીના બનાવોને અંજામ આપીને તસ્કરો પોલીસને ખુલ્લો પડકાર ફેંકી રહ્યા હોય તેવી સ્થિતિ સર્જાઈ છે. છેલ્લા કેટલાક દિવસોથી શહેરના વિવિધ વિસ્તારોમાં શંકાસ્પદ હિલચાલ અને ચોરીના બનાવોને પગલે નાગરિકોમાં ભય અને અસલામતીની લાગણી ફેલાઈ છે. બીજી તરફ, વધતી ચોરીની ઘટનાઓને લઈને પોલીસ તંત્રની કામગીરી અને રાત્રિ પેટ્રોલિંગ સામે પણ સવાલો ઊભા થઈ રહ્યા છે.

એક દિવાળી નો તહેવારનો માહોલ અને શિયાળાની ઠંડી ના મોસમ મા રાત્રીના અંધકારનો લાભ લઈને તસ્કરો બંધ મકાનો, દુકાનો તેમજ જાહેર સ્થળોએ પાર્ક કરેલા વાહનોને નિશાન બનાવી રહ્યા હોવાની ફરિયાદો સામે આવી રહી છે. તસ્કરો ચોરીના બનાવોને અંજામ આપ્યા બાદ ગણતરીની મિનિટોમાં સ્થળ પરથી ફરાર થઈ જાય છે, જ્યારે ભોગ બનનાર પરિવારોને આર્થિક નુકસાનની સાથે માનસિક ચિંતાનો પણ સામનો કરવો પડે છે.

સૌથી ગંભીર બાબત એ છે કે અનેક રહેણાંક વિસ્તારોમાં સીસીટીવી કેમેરાની સુવિધા હોવા છતાં શંકાસ્પદ શખ્સોની ઓળખ અને તેમની સામે કાર્યવાહી કરવામાં કેટલી સફળતા મળી રહી છે તે અંગે નાગરિકોમાં ચર્ચા જાગી છે. સીસીટીવી ફૂટેજમાં શંકાસ્પદ હિલચાલ કેદ થતી હોવાની વાતો વચ્ચે પોલીસ તંત્ર આવા શખ્સો સુધી ક્યારે પહોંચશે તેવો સવાલ પણ લોકો પૂછી રહ્યા છે.શહેરમાં વધતી ચોરીની ઘટનાઓને પગલે રાત્રિ પેટ્રોલિંગ વધુ સઘન બનાવવાની, સંવેદનશીલ વિસ્તારોમાં પોલીસની હાજરી વધારવાની અને શંકાસ્પદ વ્યક્તિઓની તપાસ કરવાની જરૂરિયાત ઊભી થઈ છે.

મસ્તી દહીંમાં કિલોએ રૂ. ૫ અને લસ્સીમાં રૂ. ૨ નો ભાવવધારો

રોજિંદા વપરાશની ચીજવસ્તુઓ મોંઘી થતા સામાન્ય ગૃહિણીઓ અને મધ્યમ વર્ગના રસોડાનું બજેટ ખોરવાયું : ગ્રાહકોએ હવે વધુ ખર્ચ કરવો પડશે

(એજન્સી) આણંદ,
મોંઘવારીના વધતા બોજ વચ્ચે સામાન્ય જનતાને વધુ એક મોટો ઝટકો લાગ્યો છે. અમૂલ દૂધના ભાવમાં વધારો કર્યા બાદ હવે કંપનીએ દહીં અને લસ્સીના ભાવમાં પણ વધારો કર્યો છે. દૈનિક જીવનમાં ઉપયોગમાં લેવાતી આ ડેરી પ્રોડક્ટ્સ મોંઘી થતાં મધ્યમ વર્ગના પરિવારોના બજેટ પર સીધી અસર પડી શકે છે. ખાસ કરીને દૂધ, દહીં અને લસ્સીનો નિયમિત ઉપયોગ કરતા ગ્રાહકોએ હવે વધુ ખર્ચ કરવો પડશે.

અમૂલના નવા ભાવપત્રક મુજબ, અગાઉ રૂ.૮૦માં મળતું ૧ કિલોગ્રામ દહીં હવે રૂ.૮૫માં મળશે. એટલે કે ગ્રાહકોએ પ્રતિ કિલોગ્રામ દહીં પાછળ રૂ.૫ વધુ ચૂકવવા પડશે. આ ઉપરાંત નાની પેકિંગમાં મળતા દહીંના ભાવમાં પણ વધારો કરવામાં આવ્યો છે. અગાઉ રૂ.૩૫માં મળતી ૩૮૦ ગ્રામ દહીંની થેલી હવે રૂ.૩૭માં મળશે. આ રીતે નાના પેકેટ ખરીદતા ગ્રાહકોને પણ વધારાનો ખર્ચ સહન કરવો પડશે.

અમૂલની દહીંની બકેટ ખરીદતા ગ્રાહકો માટે પણ ભાવવધારાના સમાચાર સામે આવ્યા છે. અગાઉ રૂ.૧૧૫માં મળતી ૧ કિલોગ્રામ દહીંની બકેટનો ભાવ વધારીને રૂ.૧૨૦ કરવામાં આવ્યો છે. એટલે કે આ પેકિંગમાં પણ રૂ.૫નો વધારો થયો છે. દહીંનો ઉપયોગ માત્ર ભોજનમાં જ નહીં, પરંતુ છાશ, કઢી, રાયતું અને અન્ય વાનગીઓ બનાવવા માટે પણ થાય છે. તેથી દહીંના ભાવમાં થયેલો વધારો ગૃહિણીઓના રસોડાના બજેટને પણ અસર કરી શકે છે.

દહીંની સાથે અમૂલની લોકપ્રિય રોઝ લસ્સીના ભાવમાં પણ વધારો કરવામાં આવ્યો છે. અગાઉ રૂ.૧૫માં મળતી અમૂલ રોઝ લસ્સી હવે રૂ.૧૭માં મળશે. એટલે કે પ્રતિ પેકેટ રૂ.૨નો વધારો કરવામાં આવ્યો છે. ઉનાળાની સિઝન હોય કે સામાન્ય દિવસો, લસ્સી ઘણા લોકોનું પસંદગીનું પીણું છે. આવી સ્થિતિમાં તેના ભાવમાં થયેલો વધારો નિયમિત ગ્રાહકોના ખિસ્સા પર વધારાનો બોજ નાખશે.

ઉલ્લેખનીય છે કે અમૂલ દ્વારા ૧૨ નવેમ્બર ૨૦૨૬થી દૂધના ભાવમાં પણ વધારો કરવામાં આવ્યો હતો. ગુજરાત કો-ઓપરેટિવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશન દ્વારા અમૂલ બ્રાન્ડના મુખ્ય દૂધ વેરિયન્ટ્સના ભાવમાં અંદાજે ૪થી ૫ ટકાનો વધારો કરવામાં આવ્યો હતો.

આ નવા ભાવ મુજબ અમૂલ તાઝાના ભાવમાં પ્રતિ લિટર રૂ.૨નો વધારો થયો હતો, જ્યારે અમૂલ ગોલ્ડના ભાવમાં પ્રતિ લિટર રૂ.૪નો વધારો કરવામાં આવ્યો હતો.

દૂધ, દહીં અને લસ્સી જેવી રોજિંદા ઉપયોગની વસ્તુઓના ભાવમાં વધારો થતાં સામાન્ય પરિવારોના માસિક ઘરખર્ચમાં વધારો થઈ શકે છે. ખાસ કરીને બાળકો અને પરિવારના આહારમાં ડેરી પ્રોડક્ટ્સનો નિયમિત ઉપયોગ કરતા પરિવારો માટે આ ભાવવધારો ચિંતાનો વિષય બની શકે છે. એક તરફ જીવનજરૂરી ચીજવસ્તુઓના ભાવમાં વધારો થઈ રહ્યો છે, ત્યારે બીજી તરફ ડેરી પ્રોડક્ટ્સ મોંઘી થતાં ગ્રાહકોના ખિસ્સા પર વધુ ભાર પડવાની શક્યતા છે. દૂધ બાદ હવે દહીં અને લસ્સી જેવા રોજિંદા ઉપયોગના ઉત્પાદનો મોંઘા થતાં મધ્યમ વર્ગના પરિવારો અને ગૃહિણીઓના રસોડાનું માસિક બજેટ ગંભીર રીતે ખોરવાઈ ગયું છે.

વડોદરામાં એઆઈની સલાહ માની પતિએ પત્ની પાસે છૂટાછેડા માગ્યા

વડોદરા,
ઘરેલું ઝઘડાનું સમાધાન પરિવાર સાથે વાત કરીને લાવવાને બદલે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઈ) ની સલાહ લેવી એક શિક્ષકને ભારે પડી હતી. વડોદરાના છાણી વિસ્તારમાં રહેતા ખાનગી શાળાના શિક્ષક છેલ્લા છ મહિનાથી પત્ની સાથેના મતભેદો ઉકેલવા એઆઈ ની મદદ લઈ રહ્યા હતા. એઆઈ જે સલાહ આપતું તે પ્રમાણે તેઓ પત્ની સાથે વર્તન કરતા હતા. શિક્ષકે પત્ની પાસે છૂટાછેડાની જીદ પકડતાં પત્નીને અભયમ મહિલા હેલ્પલાઈનની મદદ લેવી પડી હતી.

છાણીમાં રહેતી ૨૫ વર્ષીય પરિણીતાએ અભયમને ફોન કરીને જણાવ્યું હતું કે, બે વર્ષ પહેલાં ઓનલાઈન પ્લેટફોર્મના માધ્યમથી પરિવારની સહમતીથી તેના લગ્ન થયા હતા. પતિ ખાનગી શાળામાં શિક્ષક છે. લગ્ન પહેલાં તે નોકરી કરતી હતી, પરંતુ લગ્ન બાદ ગૃહિણી બનવાનું પસંદ કર્યું હતું. પતિ ઈચ્છતા હતા કે તે નોકરી કરે, જ્યારે પત્ની નોકરી કરવા માગતી નહોતી. આ બાબતે છેલ્લા છ મહિનાથી બંને વચ્ચે વારંવાર ઝઘડા થતા હતા. પત્નીના જણાવ્યા મુજબ, પતિ છેલ્લા બે મહિનાથી ઝઘડાનું સમાધાન શોધવા એઆઈ ની સલાહ લઈ રહ્યા હતા. એઆઈ એ ઝઘડાના ઓડિયો-વીડિયો રેકોર્ડ કરવાની સલાહ આપતાં પતિએ તેનું પાલન શરૂ કર્યું હતું. ત્યારબાદ એઆઈ ની સલાહથી પતિએ તેની પાસે છૂટાછેડા માગવાનું શરૂ કર્યું હતું.

મામલાની ગંભીરતા સમજી અભયમની ટીમ તાત્કાલિક મહિલાના ઘરે પહોંચી હતી. ત્યાં પતિની હાજરીમાં બંનેનું કાઉન્સેલિંગ કરવામાં આવ્યું હતું. ટીમે શિક્ષકને સમજાવ્યું હતું કે, લગ્નજીવનના પ્રશ્નોનો ઉકેલ કોઈ મશીનની સલાહ પ્રમાણે નહીં, પરંતુ એકબીજા સાથે વાતચીત અને સમજણથી લાવવો જોઈએ.

દિલ્હીમાં ધરણા-પ્રદર્શન અને મોટી રેલી યોજવાના નિયમો કડક બનાવાશે

નવી દિલ્હી,
દેશની રાજધાની દિલ્હીમાં હવે ધરણા-પ્રદર્શન અને મોટી રેલીઓ યોજવા માટેના નિયમો વધુ કડક બનાવવાની તૈયારી છે. દિલ્હી પોલીસે રામલીલા મેદાન સહિત શહેરનાં વિવિધ સ્થળોએ યોજાતા પ્રદર્શનો અને જનસભાઓને વ્યવસ્થિત કરવા માટે નવી સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજર (SOP) તૈયાર કરી છે. આ ડ્રાફ્ટ હાલ મંજૂરી માટે પોલીસ હેડક્વાર્ટર મોકલવામાં આવ્યો છે. મંજૂરી મળ્યા બાદ નવા નિયમોનો અમલ કરવામાં આવશે.

રામલીલા મેદાનમાં ૫૦ હજારથી વધુ લોકોને નહીં મળે મંજૂરી, પ્રદર્શન માટે ૧૦ દિવસ અગાઉ અરજી કરવી પડશે

દિલ્હી પોલીસની નવી પ્રસ્તાવિત SOP મુજબ, રામલીલા મેદાનમાં એક સમયે વધુમાં વધુ ૫૦ હજાર લોકોને એકત્ર થવાની મંજૂરી આપવામાં આવશે. જોકે, કોઈપણ કાર્યક્રમમાં કેટલા લોકોને મંજૂરી આપવી તેનો અંતિમ નિર્ણય કાર્યક્રમના સ્વરૂપ અને સુરક્ષા વ્યવસ્થાની સમીક્ષા કર્યા બાદ અધિકારીઓ લેશે. જરૂરિયાત મુજબ ૫૦ હજાર કરતાં ઓછી સંખ્યાની પણ મંજૂરી આપવામાં આવી શકે છે.

નવા નિયમો હેઠળ કોઈપણ ધરણા કે વિરોધ પ્રદર્શન યોજવા માટે આયોજકોએ ઓછામાં ઓછા ૧૦ દિવસ પહેલાં અરજી કરવાની રહેશે. આ ઉપરાંત, કાર્યક્રમ માટે સ્થળ ઉપલબ્ધ હોવાનો વેન્યુ અવેલેબિલિટી સર્ટિફિકેટ મેળવવું પણ ફરજિયાત રહેશે. દિલ્હી પોલીસ દ્વારા તૈયાર કરવામાં આવેલા ડ્રાફ્ટમાં પ્રદર્શનના સમય અંગે પણ સ્પષ્ટતા કરવામાં આવી છે. નવા નિયમો અનુસાર, સવારે ૧૦ વાગ્યાથી સાંજે ૫ વાગ્યા સુધી જ ધરણા અને પ્રદર્શન યોજી શકાશે. આ ઉપરાંત, આયોજકોએ ટ્રાફિક અને પાર્કિંગની વ્યવસ્થા માટે પોલીસ સાથે સંકલન કરવું પડશે. નવી SOPમાં સુરક્ષાને ધ્યાનમાં રાખીને કેટલાક પ્રતિબંધો પણ મૂકવામાં આવ્યા છે. પ્રદર્શન દરમિયાન રસ્તા, ફૂટપાથ અને ઈમરજન્સી રૂટ બ્લોક કરી શકાશે નહીં. હથિયારો, જ્વલનશીલ પદાર્થો અને પ્રતિબંધિત વસ્તુઓ લઈ જવા પર પ્રતિબંધ રહેશે. જ્યારે કાર્યક્રમ દરમિયાન ડ્રોન ઉડાડવા માટે અગાઉથી મંજૂરી લેવી પડશે.

દિલ્હીનું ઐતિહાસિક રામલીલા મેદાન મોટા રાજકીય આંદોલનો અને રેલીઓ માટે જાણીતું છે. જોકે, મોટી સંખ્યામાં લોકો એકત્ર થતાં આસપાસના વિસ્તારોમાં ટ્રાફિક જામ અને સ્થાનિક રહેવાસીઓને મુશ્કેલીનો સામનો કરવો પડે છે. આ સમસ્યાઓને ઘટાડવા અને કાયદો-વ્યવસ્થા જાળવવા માટે દિલ્હી પોલીસ નવી SOP લાવવાની તૈયારી કરી રહી છે.

આણંદ રોકડીયા હનુમાનજી મંદિરે ઉજવાયો કાળી ચૌદશ મહોત્સવ



(પ્રતિનિધિ) આણંદ,
તા. ૭-૧૧-૨૦૨૬ને શનિવાર આસો વદ-૧૪ના દીને શ્રીજી મહારાજના પ્રસાદીના આણંદ સ્થીત રોકડીયા હનુમાનજી મંદિરે વડતાલ ગાદીના આચાર્ય મહારાજ પ.પૂ. ધ.ધૂ.૧૦૦૮ શ્રી રાકેશપ્રસાદજી મહારાજના રૂડા આશીર્વાદ એવમ્ મહંત પ.પૂ. ભક્તવત્સલદાસજી સ્વામીના આયોજન પદે ભવ્ય કાળી ચૌદશ મહોત્સવ ઉજવાશે.

મંદિરના મુખ્ય વહીવટકર્તા શ્રી હરિકૃષ્ણ પટેલના જણાવ્યા અનુસાર સવારે ૪-૩૦ કલાકે મંગળા આરતી સંતોના હસ્તે થઈ સવારે ૬-૩૦ થી ૭-૧૫ સુધી અભિષેક કરવામાં આવ્યો. ૮-૩૦ કલાકે મારૂતી યજ્ઞની શરૂઆત થઈ. બપોરે ૧૨-૩૦ કલાકે અન્નકુટની આરતી સંતો એવમ્ યજમાનશ્રીના વરદ હસ્તે કરવામાં આવી. સાંજે ૫-૩૦ કલાકે વડતાલના ગાદીપતી પ.પૂ.ધ.ધૂ. ૧૦૦૮ આચાર્યશ્રી રાકેશપ્રસાદજી મહારાજશ્રીના વરદ હસ્તે તથા ચેરમેન ડો. સંતવલ્લભદાસજી તથા કણભા ગુરૂકુલના સંતોના વરદ હસ્તે શ્રીફળ હોમી યજ્ઞની પૂર્ણાહુતિ કરવામાં આવી. રાત્રે ૧૧-૩૦ કલાકે શયન આરતી કરવામાં આવી. તમામ દર્શનાર્થીઓને મંદિર તરફથી ખમણ- બુંદીનો પ્રસાદ વહેંચવામાં આવ્યો હતો. ખુબ બહોળી સંખ્યામાં ભક્તોએ લાભ લીધો હતો.

Disclaimer
"Readers are requested to verify and make appropriate inquiries to satisfy themselves about the veracity of an advertisement before responding. The Publisher, Printer, Owner, or Editor of **WESTERN TIMES** does not vouch for the authenticity of any advertisement or advertiser's products/ services. This includes the accuracy of any financial results or figures provided by the Directors of listed or unlisted companies. Readers must independently verify all details. In no event can the publication be held liable for any damages or claims arising out of these advertisements."

૨૦૨૭માં ગરમી તોડશે તમામ રેકોર્ડ

૧૯૫૦ બાદના સૌથી શક્તિશાળી અલ નીનોની ચેતવણી અપાઈ

(એજન્સી) નવી દિલ્હી,
દુનિયાભરમાં હવામાન પરિવર્તનના પડકારો વચ્ચે હવે વર્ષ ૨૦૨૭ને લઈને ચિંતાજનક આગાહી સામે આવી છે. અમેરિકાની હવામાન એજન્સી નેશનલ ઓશનિક એન્ડ એટમોસ્ફેરિક એડમિનિસ્ટ્રેશનના અહેવાલના આધારે પ્રશાંત મહાસાગરમાં શક્તિશાળી અલ નીનોની સ્થિતિ સર્જાવાની આશંકા વ્યક્ત કરવામાં આવી છે. જો આ આગાહી સાચી સાબિત થશે તો ૨૦૨૭માં વૈશ્વિક તાપમાન નવા રેકોર્ડ બનાવી શકે છે. તેની અસર ભારત સહિત દુનિયાના અનેક દેશોના હવામાન પર જોવા મળી શકે છે. હવામાન સંબંધિત આગાહી મુજબ, ૨૦૨૭ના જાન્યુઆરીથી માર્ચ દરમિયાન અલ નીનોની સ્થિતિ અત્યંત મજબૂત રહી શકે છે. અહેવાલમાં જણાવ્યા પ્રમાણે, ૧૯૫૦ બાદના સૌથી શક્તિશાળી અલ નીનોની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. NOAAના જણાવ્યા અનુસાર, ઓક્ટોબરથી ડિસેમ્બર અને નવેમ્બરથી જાન્યુઆરીના સમયગાળા દરમિયાન અલ નીનો અગાઉના રેકોર્ડ તોડી શકે તેવી સંભાવના આશરે ૬૦ ટકા દર્શાવવામાં આવી છે. આ દરમિયાન પ્રશાંત મહાસાગરના કેટલાક વિસ્તારોમાં સમુદ્રની સપાટીનું તાપમાન સામાન્ય કરતાં નોંધપાત્ર વધારે રહેવાની શક્યતા છે. અલ નીનો એક કુદરતી હવામાન પ્રક્રિયા છે. તેમાં પ્રશાંત મહાસાગરના ભૂમધ્યરેખીય વિસ્તારમાં સમુદ્રનું પાણી સામાન્ય કરતાં વધુ ગરમ થાય છે. આ પ્રક્રિયા ENSO એટલે કે અલ નીનો સાઉથર્ન ઓસિલેશન ચક્રનો એક તબક્કો છે. જ્યારે પ્રશાંત મહાસાગરના નિનો ૩.૪ વિસ્તારમાં સમુદ્રની સપાટીનું તાપમાન સતત ત્રણ મહિના સુધી સામાન્ય કરતાં ૦.૫ ડિગ્રી સેલ્સિયસથી વધુ રહે છે, ત્યારે અલ નીનોની સ્થિતિ ગણવામાં આવે છે. અલ નીનોની અસર માત્ર સમુદ્ર પૂરતી મર્યાદિત રહેતી નથી. તેના કારણે વિશ્વભરના વરસાદ અને તાપમાનના ચક્રમાં ફેરફાર થઈ શકે છે.

- ભીષણ ગરમીઃ અનેક વિસ્તારોમાં તાપમાન સામાન્ય કરતાં વધારે રહેવાની શક્યતા.
- દુષ્કાળનું જોખમઃ કેટલાક દેશોમાં વરસાદની અછત સર્જાઈ શકે છે., અતિવૃષ્ટિ અને પૂરઃ કેટલાક વિસ્તારોમાં ભારે વરસાદથી પૂર જેવી સ્થિતિ સર્જાઈ શકે છે.
- જંગલોમાં આગઃ ગરમી અને સૂકા વાતાવરણને કારણે આગની ઘટનાઓનું જોખમ વધી શકે છે., ખેતી પર અસરઃ વરસાદની અનિશ્ચિતતા અને વધતી ગરમીથી કૃષિ ઉત્પાદન પ્રભાવિત થઈ શકે છે.

૧૬ નવેમ્બરે અમદાવાદ શહેરના અનેક વિસ્તારોમાં પાણીકાપ રહેશે

અમદાવાદ,
અમદાવાદ શહેરના નાગરિકો માટે મહત્ત્વના સમાચાર સામે આવ્યા છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા આગામી ૧૬ નવેમ્બરના રોજ શહેરના અનેક વિસ્તારોમાં પાણી પુરવઠો બંધ રાખવાની જાહેરાત કરવામાં આવી છે. જાસપુર ખાતે આવેલા ૨૦૦ MLD વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટમાં લાઈન શિફ્ટિંગ અને સમારકામની કામગીરી હાથ ધરવામાં આવનાર હોવાથી આ નિર્ણય લેવામાં આવ્યો છે. ૧૬ નવેમ્બરે સવારનો પાણી પુરવઠો પૂરો થયા બાદ તબક્કાવાર પાણી સપ્લાય બંધ કરવામાં આવશે.

ગોતા, બોડકદેવ, થલતેજ, બોપલ-ઘુમામાં પાણીકાપ

AMC દ્વારા જાસપુર સ્થિત ૨૦૦ સ્ન્ઢ વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ ખાતે જરૂરી જાળવણીની કામગીરી હાથ ધરવામાં આવશે. આ કામગીરીમાં લીલાપુર નજીક આવેલા વાલ્વનું રિપેરિંગ તેમજ સરખેજ હાઈવે નજીકની પાઈપલાઈનનું સમારકામ સામેલ છે. આ કામગીરી દિવાળી પહેલાં કરવાની હતી, પરંતુ તહેવાર દરમિયાન નાગરિકોને પાણીની અગવડતા ન પડે તે હેતુથી તેને મુલતવી રાખવામાં આવી હતી. હવે ૧૬ નવેમ્બરે સવારના પાણી પુરવઠા બાદ એક દિવસીય કામગીરી હાથ ધરવાનું આયોજન કરવામાં આવ્યું છે.

આ પાણીકાપની અસર અમદાવાદના ઉત્તર-પશ્ચિમ ઝોન સહિત કેટલાક અન્ય વિસ્તારોમાં પણ જોવા મળશે. જેમાં મુખ્યત્વે નીચેના વિસ્તારોનો સમાવેશ થાય છે.

ગોતા, બોડકદેવ, થલતેજ, ભાડજ, હેબતપુર, શીલજ, બોપલ-ઘુમા, સરખેજ, મક્તમપુરા વોર્ડ

આ વિસ્તારોમાં આવેલા પાણી પુરવઠા સ્ટેશનોને પણ સમારકામની કામગીરીને કારણે અસર થશે. AMCના જણાવ્યા અનુસાર, ૧૬ નવેમ્બરે સવારના સપ્લાય બાદ કામગીરી હાથ ધરવામાં આવશે. ત્યારબાદ ૧૭ નવેમ્બરે ઉપલબ્ધ પાણીના જથ્થા મુજબ પુરવઠો ફરી શરૂ કરવામાં આવશે. જોકે, શરૂઆતમાં પાણીના દબાણ અને જથ્થામાં ફેરફાર જોવા મળી શકે છે. પાણીકાપને ધ્યાનમાં રાખીને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશને અસરગ્રસ્ત વિસ્તારોના નાગરિકોને અગાઉથી પાણીનો પૂરતો સંગ્રહ કરી રાખવા અપીલ કરી છે. ખાસ કરીને ઘરેલું વપરાશ, પીવાના પાણી અને દૈનિક જરૂરિયાતો માટે અગાઉથી વ્યવસ્થા કરી લેવા સૂચના આપવામાં આવી છે. શહેરમાં જરૂરી સમારકામ અને જાળવણીની કામગીરી પૂર્ણ થયા બાદ પાણી પુરવઠો સામાન્ય કરવાની દિશામાં તંત્ર દ્વારા કાર્યવાહી કરવામાં આવશે.

જાસપુરના200 MLD વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ ખાતે લાઇન શિફ્ટિંગ અને રિપેરિંગની કામગીરી હાથ ધરાશે

Shah Investor's Home Limited
shah investor's home ltd®
Reg. Address: 810, X-Change Plaza, DSCCSL (53E), Road 5E, Block 53, Zone 5, Gift City, Gandhinagar 382050
Tel: +91-79-65081699, **Email:** company.secretary@sihl.in, Website: www.sihl.in CIN: U67120GJ1994PLC023257

STATEMENT FOR UNAUDITED STANDALONE & CONSOLIDATED FINANCIAL RESULTS FOR THE QUARTER ENDED SEPTEMBER 30, 2026.

The Board of Directors of the Company at their meeting held on November 14, 2026, approved the Unaudited Standalone & Consolidated Financial Results of the Company, for the quarter and half year ended September 30, 2026.
The results, along with the Limited Review Report, have been posted on the Company's website at www.sihl.in, and can be accessed by scanning the QR code.

For more Information, Please scan:

Date : November 14, 2026
Place : Ahmedabad

By Order of the Board
for SHAH INVESTOR'S HOME LIMITED
TANMAY UPENDRA SHAH
Managing Director & Chief Financial Officer
(DIN:00023067)

GUJARAT THEMIS BIOSYN LIMITED
CIN: L24230GJ1981PLC004878
69/C, GIDC Industrial Estate, Vapi - 396 195, Dist. Valsad, Gujarat,
Tel: +91 260 2430027 Fax: +91 260 2400639,E-mail: gtblmumbai@gtbl.in Website: www.gtbl.in

UN-AUDITED STANDALONE & CONSOLIDATED FINANCIAL RESULTS FOR THE QUARTER AND HALF YEAR ENDED ON 30TH SEPTEMBER, 2026

In compliance with Regulation 33 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015 ("SEBI Listing Regulations"), the Board of Directors of the Gujarat Themis Biosyn Limited ("Company") at its meeting held on Saturday, 14th November, 2026 approved the Un-Audited Standalone and Consolidated Financial Results for the quarter and half year ended on 30th September, 2026 ("Results")

The Results, alongwith the Limited Review Reports submitted by M/s. GMJ & Co., Statutory Auditors of the Company are available on the website of the Company at www.gtbl.in and on websites of the Stock Exchanges i.e. BSE Limited and National Stock Exchange of India Limited at www.bseindia.com and www.nseindia.com respectively.

In compliance with Regulation 47 of the SEBI Listing Regulations, we hereby notify that the same can also be accessed by scanning the following Quick Response (QR) Code.

For Gujarat Themis Biosyn Ltd
Sd/-
Dr. Dinesh S. Patel
Chairman
DIN:00033273

Place: Mumbai
Date: 14th November, 2026